ડો.આંબેડકર ભવન, જિ.ભાવનગરના સરકારી મકાન ખાતે રીનોવેશનકામો તેમજ ફાયર સેફ્ટીના સાધનો ઈન્સ્ટોલ માટેના ખર્ચ-અંદાજોને વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2024/1734/G
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૪/૨૦૨૫

**વંચાણે લિધા:**

(૧) નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરીના પત્ર ક્રમાંક: અજાક/મ/૨૦૨૪/૪૫૪૪-૪૬ તા.૨૨/૦૭/૨૦૨૪
(૨) નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરીના પત્ર ક્રમાંક: અજાક/મ-૩/૨૦૨૪/૪૦૨૩ તા.૦૮/૦૭/૨૦૨૪

**આમુખ:**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તક ભારતના બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકરની સ્મૃતિમાં રાજ્યભરના વિવિધ જિલ્લાઓ ખાતે જિલ્લાસ્તરના આંબેડકરભવન બાંધવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરીના તા.૨૨/૦૭/૨૦૨૪ના પત્રથી ડો.આંબેડકર ભવન, જિ.ભાવનગરના સરકારી મકાનમાં ફાયર સેફ્ટીના સાધનો ઈન્સ્ટોલ કરવા માટે રૂ.૨૫,૯૫,૦૦૦/-ના ખર્ચ-અંદાજોને તેમજ સદર ભવનમાં સ્ટ્રેંથનીંગ, રીપ્લેસીંગ, ડોર/વિન્ડો ફીટીંગ, રીપ્લાસ્ટરીંગ, વોટરપ્રૂફિંગ, કલર વર્ક, ટોઈલેટ રીનોવેશન, પેવર બ્લોક, પાર્કીંગ શેડ વગેરે જેવી રીનોવેશનની કામગીરી માટે રૂ. ૭૦,૦૯,૦૦૦/-ના ખર્ચ-અંદાજો એમ કુલ રૂ. ૯૬,૦૪,૦૦૦/- ના ખર્ચ અંદાજોને મંજૂરી આપવા અત્રે દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, ડો.આંબેડકર ભવન, જિ.ભાવનગરના સરકારી મકાનમાં ફાયર સેફ્ટીના સાધનો ઈન્સ્ટોલ(Provision of fire fighting system Group –D assembly building above 10 M height upto 15 M)કરવા માટે રૂ.૨૫,૯૫,૦૦૦/-ના ખર્ચ-અંદાજો તેમજ સદર ભવનમાં સ્ટ્રેંથનીંગ, રીપ્લેસીંગ, ડોર/વિન્ડો ફીટીંગ, રીપ્લાસ્ટરીંગ, વોટરપ્રૂફિંગ, કલર વર્ક, ટોઈલેટ રીનોવેશન, પેવર બ્લોક, પાર્કીંગ શેડ વગેરે જેવી રીનોવેશનની કામગીરી માટે રૂ. ૭૦,૦૯,૦૦૦/-ના ખર્ચ-અંદાજો એમ કુલ રૂ. ૯૬,૦૪,૦૦૦/-(અંકે રૂપિયા છન્નુ લાખ ચાર હજાર પુરા)નો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૩) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાવિભાગ દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ થઈ શકશે નહી. તેમજ બચત રહેતી રકમ વર્ષાંતે સરન્ડર કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક – ૯૫ આયોજન, મુખ્ય સદર – ૨૨૨૫ – અનુસૂચિત જાતિઓ , અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા સદર – ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર – ૮૦૦ – અન્ય ખર્ચ, પેટા સદર – ૧૦, SCW-20 ડો.આંબેડકર ભવનનો નિભાવ અને વિકાસ હેઠળ કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણા વિભાગની તા.૨૯/૦૩/૨૦૨૫ની નોંધથી મળેલવહીવટી મંજૂરી અન્વયે પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના :

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર

- અગ્રસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગુજરાત
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, જિ.ભાવનગર
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઈટ પર મૂકવા ની વિનંતીસહ
- સિલેક્ટ ફાઈલ ૨૦૨૫

*Signature Not Verified*

*Signed by:SantoshKumar Sureshbhai Vasava*
*Section Officer*
*Date:2025.04.08 13:08:27 +5:30*


Open the document in Adobe Acrobat DC to verify the E-sign